# વોર્ડ નં. ૮માં પ્રતિષ્ઠાજનક મુકાબલો





**મહાનગરનો મહાસંગ્રામ** - સંજય દૃષ્ટિ

શહેરના પ્રવેશદ્વાર સમો વિસ્તાર એટલે વોર્ડ નં. ૮. સૌથી વધુ મતદારો ધરાવતો વોર્ડ નં. ૮ સેક્ટર-૧, સેક્ટર-૨, સેક્ટર-૩-એ-ન્યુ, સેક્ટર-૪ અને ઈન્ફોસીટી વિસ્તારને આવરી લે છે. આ વોર્ડમાં એક પુરૂષ અને એક મહિલા બીન અનામતની બેઠક છે. જ્યારે અનુસૂચિત જાતિ માટે પુરૂષ વર્ગમાં અને અનુસૂચિત જનજાતિ માટે મહિલા બેઠક છે. ચાર બેઠકો માટે ૧૮ ઉમેદવારો મેદાનમાં છે. ૪ કોંગ્રેસ અને ૪ ભાજપના ઉપરાંત ૨ લોકવિકાસ મંચના, અપક્ષ અને અન્ય પક્ષોના ૮ ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યુ છે. જંગ ખુબજ રસપ્રદ છે. અહીં ભાજપ અને કોંગ્રેસની પેનલો એડી ચોટીનું જોર લગાવી પ્રચાર કરી રહ્યા છે. જુના સીમાંકન મુજબ વોર્ડ નં. ૧૧ની ત્રણેય બેઠકો પહેલી ચૂંટણીમાં ભાજપ પાસે હતી. આજે બદલાયેલા ઉમેદવારોના જ્ઞાતિ સમીકરણોના કારણે જંગ ખરાખરીનો બન્યો છે.

ભાજપની પેનલમાંથી સર્વશ્રી મનુભાઈ પટેલ, નરેશભાઈ પરમાર, પ્રવિણાબેન વોરા અને પીનાબેન ગરાસિયા જંગમાં છે. મનુભાઈ પટેલ સીટીંગ કોર્પોરેટર છે. નાગરિક બેંકના મેનેજીંગ ડીરેક્ટર છે અને ભાજપના અગ્રીમ હરોળના નેતા છે. જનસંપર્કમાં પણ પાવરધા છે. પેનલના બીજા ઉમેદવાર નરેશભાઈ પરમાર મહાનગર ભાજપના સંનિષ્ઠ કાર્યકર્તા અને પદાધિકારી છે. પ્રથમ ઈલેક્શનમાં તેમની પત્નિ વોર્ડનું પ્રતિનિધિત્વ કરતા હતા. સેક્ટર-૨ અને સેક્ટર-૧માં ખુબ સારા સંપર્કો છે. સેક્ટર-૪ના પ્રવિણાબેન વોરા બ્રહ્મસમાજ મહિલા પાંખના અગ્રણી છે અને ભાજપના સંનિષ્ઠ કાર્યકર્તા છે. જ્યારે સેક્ટર-૩-એ-ન્યુમાં પીનાબેન ગરાસિયા સંપર્કોને કારણે તેમની ઉમેદવારીને પણ સમર્થન મળી રહ્યું છે.

કોંગ્રેસની પેનલમાં મુકેશભાઈ કે. પટેલ, અજીતકુમાર પરમાર, શારદાબેન ચૌધરી અને પાયલબેન મેણાત જંગમાં અગ્રિમ હરોળમાં છે. પેનલનું નેતૃત્વ કરતા મુકેશભાઈ પટેલ શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ છે. સચિવાલયના મહેસુલ વિભાગમાં બે દાયકાઓની સેવાઓને કારણે તેમના સંપર્કો નોંધપાત્ર છે. બિલ્ડર હોવા ઉપરાંત મુકેશભાઈ પટેલ માનવ સ્મૃતિ જેવી સંસ્થાનું સંચાલન પણ કરે છે. જ્યારે અજીતભાઈ પરમાર ખુબ જ સક્રિય કોંગ્રેસી યુવાન કાર્યકર છે. દલિત સમાજ ઉપરાંત અન્ય સમાજોમાં પણ અજીતભાઈના સંપર્કો મોટી સંખ્યામાં હોવાથી જંગમાં ઉતર્યા છે. શારદાબેન જીતેન્દ્રકુમાર ચૌધરી કોંગ્રેસની પેનલના ગણનાપાત્ર મહિલા ઉમેદવાર છે. ગઈ ચૂંટણીમાં નોંધપાત્ર દેખાવ કરનાર જીતેન્દ્રભાઈ ચૌધરીના તેઓ પત્નિ છે. જીતેન્દ્રભાઈ ચૌધરી ચરાડા ગામના સરપંચ હોવાથી ઉત્તર ગુજરાતના મતદારો સાથે જીવંત સંપર્કો ધરાવે છે અને પેનલના ચોથા ઉમેદવાર પાયલબેન મેણાત પક્ષના સંનિષ્ઠ કાર્યકર છે. અનુસૂચિત જનજાતિ સમાજ ઉપરાંત સમાજના વિવિધ ક્ષેત્રોમાં પણ પાયલબેનના સંપર્કો સારા છે.



ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત લોક વિકાસ મંચના શ્રી પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ પટેલ (પી આઈ પટેલ) પણ મજબુતાઈથી જંગમાં ઝુકાવ્યુ છે. પી.આઈ. પટેલના પટેલ સમાજ ઉપરાંત અન્ય સમાજો સાથે પણ સારા સંબંધો હોવાથી મજબુત ઉમેદવારમાં ગણના થઈ રહી છે. લોકવિકાસ મંચના દિનેશભાઈ પરમાર પણ ખુબ અસરકારકતાથી જંગ જમાવી રહ્યા છે. આ ઉપરાંત એનસીપીના નારણભાઈ પટેલ જંગમાં અસરકારક છે. સચીવાલયના ગૃહ વિભાગના નિવૃત્ત અધિકારીના નાતે તેમના સંપર્કો પણ વ્યાપક છે. એનસીપીના મૃગાક્ષીબેન વ્યાસ અને મેહુલકુમાર સોલંકી પણ જંગમાં છે. બહુજન સમાજપાર્ટીના કિરીટભાઈ સોમાભાઈ પરમાર અને રાજુભાઈ કલાભાઈ પરીખની ઉમેદવારી પણ જંગને રસપ્રદ બનાવી રહી છે. અપક્ષ ઉમેદવારો અજયસિંહ વાઘેલા, બ્રિજેશભાઈ લેઉઆ અને ભાવિન પરમાર પ્રચારમાં ઘેર ઘેર ફરે છે.

વોર્ડ નં. ૮નો જંગ પ્રતિષ્ઠાજનક જંગ છે. ભાજપ પક્ષના પૂર્વ નેતા મનુભાઈ પટેલના નેતૃત્વમાં લડાતી ભાજપની પેનલ અને શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ શ્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં લડાતી પેનલનો જંગ ખુબજ રસપ્રદ અને રોમાંચક રહેશે. લોક વિકાસ મંચના પી.આી. પટેલ કેટલા મત મેળવે છે અને કોનામાંથી ગાબડુ પાડે છે તેના પર હાર-જીતના સમીકરણો બનશે. જોઈએ ભાજપ એનો ગઢ જાળવે છે કે કોંગ્રેસ ગઢમાં ગાબડુ પાડે છે.

## ભાજપ એનો ગઢ જાળવશે કે કોંગ્રેસ ગઢમાં ગાબડુ પાડશે? લોક વિકાસ મંચના પી.આઈ. પટેલ અને એન.સી.પી.ના નારણભાઈ પટેલ કેટલા મત મેળવે છે અને કોનામાંથી મેળવે છે? એના પર જ હાર-જીતના સમીકરણ

## રોડનું કામ ચાલુ નહી કરાય તો આંદોલનની ચિમકી

### બાલવા ગામથી બાલવા ચોકડી સુધીના બિસ્માર માર્ગથી ગ્રામજનો ત્રસ્ત : વારંવાર થીગડાં મારેલ રોડ પર અકસ્માતનો ભય

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના બાલવા ગામથી બાલવા ચોકડી સુધીના બિસ્માર માર્ગને કારણે વાહનચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે. આ માર્ગ પર બાલવાના ગ્રામજનોની અવરજવર સૌથી વધુ હોવાથી ગ્રામજનોમાં પણ તંત્ર પ્રત્યે ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે.

બાલવા ગામથી બાલવા ચોકડી તરફનો મુખ્ય માર્ગ વર્ષ ૨૦૧૨માં નવો બનાવવામાં આવ્યો હતો. માત્ર ૩ થી ૪ વર્ષમાં જ આ રોડ ઠેર ઠેરથી તુટી જવા પામ્યો છે. તુટી ગયેલા રોડને રીપેર કરવા વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા માત્ર રોડને થીગડાં મારી કામ ચલાવાઈ રહ્યું છે.

આ થીગડાને કારણે રોડની હાલત વધુ ને વધુ ખરાબ થઈ જવા પામી છે અને માર્ગ પરના વાહન વ્યવહારને સતત અકસ્માતનો ભય રહે છે. આ માર્ગ નવો બનાવવા માટે તંત્રની મંજુરી મળી ગઈ છે. ત્યારે બાલવાના ગ્રામજનોની માંગણી છે કે ગામથી ચોકડી સુધીના માર્ગનું કામ સત્વરે શરૂ કરાય. જો આ રોડનું કામ સત્વરે ચાલુ નહી કરાય તો બાલવા સહિત આસપાસના ગામોના ગ્રામજનો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.







શ્રી સ્વામિનારાયણ ભગવાનની ૨૩૫મી જન્મ જયંતિ નિમિત્તે ભગવાન સૌને સુખી રાખે તેવી શુભ ભાવનાથી સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨૩ દ્વારા પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીની પ્રેરણાથી વિશાળ પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૪૦૦ જેટલા બાળકો, બહેનો, ભાઈઓ જોડાયા હતા.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરમાં મનપાની ચૂંટણીના પ્રચાર અભિયાનમાં વાહનો પર માઈક લગાડી અભિયાનને વેગીલુ બનાવવામાં આવ્યું છે.
- દરેક વોર્ડમાં લગભગ ઉમેદવારોએ ડોર ટુ ડોર અભિયાન ૭૦ ટકા જેટલુ પુરૂ કરી લીધુ છે.
- મનપાની ચૂંટણીમાં બન્ને પક્ષ દ્વારા હવે છેલ્લા દિવસોમાં આક્રમક પ્રચાર અભિયાનની રણનીતિ તૈયાર કરી લીધી છે.
- કોલેજોમાં પરીક્ષાનો માહોલ, આઈપીએલની મેચો અને વેકેશનના વર્કશોપમાં યુવાનો વ્યસ્ત હોવાથી રાજકીય પક્ષો પ્રચાર અભિયાન માટે અન્ય વિકલ્પો પર ચિંતન કરતા જોવા મળ્યા છે.
- મનપાની ચૂંટણી જંગમાં સાક્ષર ઉમેદવારો સૌથી વધુ નોંધાયા છે એટલુ જ નહિ નિવૃત્ત અધિકારીઓ પણ ઉમેદવાર હોવાથી સિનીયર સિટીઝનો પ્રચારમાં વધુ વ્યસ્ત જણાયા છે.
- બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષ ભાજપ-કોંગ્રેસની પ્રદેશ નેતાગીરી રોજેરોજ પ્રચાર અભિયાનની સમીક્ષા કરી રહેલ છે.
- ગાંધીનગરમાં ગરમીનો પારો વધતાં જ પાણીની માંગમાં વધારો થવા પામ્યો છે.

## સોનાસણ ગામે રામજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

ચીલોડા, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે રામનવમીના પવિત્ર દિવસે નવનિર્મિત રામજી મંદિરનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ખુબ જ ધામધૂમથી ઉજવાયો હતો. સોનાસણના ગ્રામજનો દ્વારા આયોજીત પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પ્રથમ દિવસે ૧૦૮ કુંડી યજ્ઞ, ભવ્ય લોક ડાયરો, શોભાયાત્રા, મહાપ્રસાદ તેમજ રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. વૈદિક મંત્રો અને વિધિ અનુસાર યજ્ઞ શાળાના મુખ્ય આચાર્યશ્રીઓ, તથા શાસ્ત્રી નરેશભાઈ પંડ્યાએ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન કર્યો હતો. મહોત્સવમાં મંદિરના બાંધકામ, પ્રવેશદ્વાર, દેવમૂર્તિઓ, સિંહાસન, ધજાદંડ, શિખર કળશ અને આરતી સહિતના દર્શનનો લાભ ભક્તોએ લીધો હતો.



કાર્યક્રમમાં દાતાઓ દ્વારા ભોજન-પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્રિદિવસીય ભવ્ય કાર્યક્રમમાં સોનાસણ ગામ સહિત આસપાસના ગ્રામજનો પણ મોટી સંખ્યામાં પધાર્યા હતા અને શ્રી રામના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે ગામમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોને પગલે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

## ૨૦મીએ જૈન સોશ્યલ ગૃપ દ્વારા શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૬

સમગ્ર જૈન સમુદાય-ફિરકા દ્વારા શાસન પતિ ભગવાન શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની ઉજવણી નિમિત્તે આગામી તા. ૨૦મી એપ્રિલને બુધવારના રોજ શોભાયાત્રા અને પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સવારે ૮.૧૫ થી ૧૦.૦૦ કલાક દરમિયાન ભવ્ય શોભાયાત્રા યોજાશે.

ત્યારબાદ સે-૧૭, ટાઉનહોલ ખાતે પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલ્યાણ બોધિસૂરીશ્વરજી મ.સા.નું આજના સમયમાં વર્ધમાનની આવશ્યકતા તથા આધ્યાત્મિક ગુરુ ફુલંદભાઈ શાસ્ત્રીનું વર્ધમાનથી મહાવીર વિષય ઉપર પ્રવચન યોજાશે.

કાર્યક્રમના અંતે સ્વામી વાત્સલ્યનું પણ આયોજન કરાયું છે. સમસ્ત જૈન સમાજને પોતાના સંઘના કાર્યાલય પરથી પાસ મેળવી લેવા તથા શોભાયાત્રામાં જોડાવા ગૃપના સેક્રેટરી કૌશિકભાઈ શાહે અનુરોધ કર્યો છે.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## ધોરણ-૧૦નું પરિણામ વહેલા જાહેર કરવા હિલચાલ

### મેનાં છેલ્લાં સપ્તાહમાં પરિણામ જાહેર થઈ શકે : ઉત્તરવહીઓની ચકાસણીના કામને પૂર્ણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૧૬

માર્ચ મહિનામાં લેવામાં આવેલી ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ આ વર્ષે વહેલી તકે જાહેર કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ મેના છેલ્લા સપ્તાહમાં પરિણામ જાહેર કરવામાં આવી શકે છે. જો કે, તારીખની જાહેરાત હજુ કરવામાં આવી નથી. બીજી બાજુ ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાને લઈને હજુ સુધી કોઈ વાત સપાટી ઉપર આવી નથી. જુનના બદલે મે માસનાં અંત સુધીમાં પરિણામ જાહેર થાય તેવા પ્રયત્નો હાથ ધરાયા છે.

૮મી માર્ચના રોજ શરૂ થયેલી ધો. ૧૦ની બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ ૧૧૫ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર ઉત્તરવહી તપાસવાની કામગીરી હાથ ધરાઈ હતી. ધોરણ. ૧૦ના ૧૦.૮૧ લાખ વિદ્યાર્થીઓની ૫૮ લાખ જેટલી ઉત્તરવહીનું મૂલ્યાંકનનું કામ પૂર્ણ થયું છે. ૧૩,૩૦૦ વિષય શિક્ષકોએ માત્ર ૧૬ દિવસમાં આ કામગીરી પૂર્ણ કરી છે. હાલમાં ઉત્તરવહીઓના માર્કસની ડેટા એન્ટ્રીની કામગીરીનું કાર્ય ૫૦ ટકા જેટલું પુરુ થઈ ચૂક્યું છે.

ડેટા એન્ટ્રી કરવાની સાથે સાથે શિક્ષણ બોર્ડ દ્વારા ઓએમઆર શીટની કામગીરી પણ પુરજોશમાં ચાલી રહી છે. જેમાં પણ અંદાજે ૭૦ ટકાથી વધુ કામ પૂર્ણ થઈ ગયું છે. શિક્ષણ બોર્ડ હવે એપ્રિલ માસના કુલ ૪૦ દિવસમાં આ કામગીરી પૂરી કરશે એટલે કે હવે જુનના બદલે અંદાજે ૨૫ મે સુધીમાં ધો. ૧૦નું પરિણામ જાહેર થશે. ચાલુ વર્ષે ધો. ૧૦માં શિક્ષકો પેપર તપાસવા માટે આવે તે માટે અગાઉથી પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. જેના કારણે ઉત્તરવહીની મૂલ્યાંકનની કામગીરી વહેલી પૂર્ણ થઈ છે. જેનો લાભ પરિણામ વહેલા જાહેર કરવા માટે શિક્ષમ બોર્ડ લેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ધો. ૧૦નું ગત વર્ષે પરિણામ ૫ જુનના રોજ જાહેર થયું હતું. ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ પણ મે માસના અંત પહેલા અંદાજે તા. ૧૫થી તા. ૨૦ મે વચ્ચે જાહેર થવાની શક્યતા હોવાનું આધારભૂત સુત્રોએ જણાવ્યું હતું.

## પાણીના પ્રશ્ન પર ભાજપ સરકાર પાણીમાં બેસી ગઈ

### પાણી માટે સ્પષ્ટ નીતિના અભાવે ગુજરાતમાં ટેન્કરરાજની સ્થિતિ જોવા મળી રહી છે : સરકાર પર કોંગ્રેસનો આક્ષેપ

અમદાવાદ, તા.૧૬

પોતાને પાણીદાર કહેવડાવવા માટે પાટીદાર અનામત આંદોલન પર અત્યાચાર ગુજારનાર ભાજપ સરકાર હવે એટલી હદે પાણીમાં બેસી ગઈ છે કે, ખેડૂતો અને ગ્રામજનો ઉપર રાષ્ટ્રદ્રોહનો ગુનો લગાડે તો નવાઈ નહીં હોય એમ જણાવતા કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે ઉમેર્યું છે કે, નર્મદા જેવી વિશાળ યોજના હોવા છતાં ભાજપ સરકાર તેના બેજવાબદાર વહીવટ અને આયોજનના અભાવે પીવાના પાણીના તેમજ સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરવામાં સદંતર નિષ્ફળ નીવડી છે. ગુજરાત રાજ્યમાં ગરમીનો પ્રકોપ તેની ચરમસીમાએ છે ત્યારે વીજળી સહિત પાણીના પોકાર સામે ભાજપ સરકાર સદંતર પાણીમાં બેસી ગઈ છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, આજની સ્થિતિએ સમગ્ર ગુજરાતમાં માત્ર ૭૦૦ કે ૧૦૦૦ ગામમાં અર્ધઅછતની પરિસ્થિતિ નથી પરંતુ વાસ્તવમાં પાંચ હજાર કરતા વધારે ગામોમાં સંપૂર્ણ અછતની પેદા થઈ ગઈ છે તેની સામે ભાજપ સરકાર નર્મદા કેનાલો પર એસઆરપીનો પહેરો ગોઠવી ખેડૂતો માટે રાજદ્રોહનો ગુનો નોંધાય તેવો તખ્તો તૈયાર કરી રહી છે. છેલ્લા ૨૦ વર્ષમાં ભાજપની ગુનાહીત બેદરકારીના કારણે નર્મદા યોજનામાં કેનાલોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું નથી. એ જ રીતે એક બીજી નદીઓના જોડાણની કામગીરી પણ કરવામાં આવી નથી. પરીણામે ચોમાસા દરમિયાન વિશાળ માત્રામાં પાણી વહી જતાં આજે ભાજપ સરકારના આયોજન તેમજ સ્પષ્ટ નીતિના અભાવે ગ્રામજનો અને ખેડૂતો પામી માટે વલખાં મારી રહ્યા છે. ભાજપ સરકારે છેલ્લાં ૨૦ વર્ષમાં પાણી અને ખેડૂતોને સિંચાઈ માટે કોઈ સ્પષ્ટ નીતિનું આયોજન કર્યું નથી. આ ઉપરાંત બેજવાબદાર વહીવટના કારણે સરેરાશ સારા ચોમાસાં જવા છતાં ડેમોમાં પાણીનું જરૂરી સંગ્રહ થઈ શક્યો નથી તેમજ નર્મદા ડેમમાં રહેલા પાણીનું જરૂરિયાતમંદ વિસ્તાર સુધી વિતરણ થઈ શક્યું નથી. ગુજરાત રાજ્યમાં પંચાયતોની ચૂંટણીમાં કારમો પરાજય સહન કર્યા બાદ અનામત આંદોલનને કચડી નાંખવામાં જ ઓતપ્રોત રહેલી ભાજપ સરકારને તેમની પોકળ જાહેરાતો સામે વાસ્તવિક્તાનો ખ્યાલ આવી ગયો છે. આથી જ વડાપ્રધાને રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલને દિલ્લી દરબારમાં બોલાવી પાટીદારોને જેલમાંથી મુક્ત કરી ગુજરાત મોડેલની રહીસહી આબરુ બચાવવા માટે આદેશ કર્યો છે. આમ છતાં અહંકાર અને સ્પષ્ટ નીતિના અભાવે આર્થિક અનામત નીતિની કોંગ્રેસની રજૂઆત પ્રમાણે જાહેરાત કરી નહીં શકનાર ભાજપ સરકારના ધારાસભ્યો અને તેમના કાર્યકરો જ ધરણા પર બેસવા માંડ્યા છે.